# કાપોદ્રામાં માથાભારે પશુપાલકો ઢોર પાર્ટી પર હુમલો કરી બે ગાય છોડાવી ગયા

**મનપાના** કર્મચારીઓ પર લાકડી વડે હુમલો, વિડીયો વાયરલ થયા: પોલીસને અરજી કરાઇ

સુરત : હાઈકોર્ટની ફટકાર બાદ રાજયભરમાં રખડતા ઢોરના ન્યુસન્સને કાબૂમાં લેવા માટે કડક કાર્યવાહી થઈ રહી છે તેમ છતાં સુરતમાં કેટલાક પશુપાલકોની દાદાગીરી અટકવાનું નામ લેતી નથી. આજે સુરતના કાપોદ્રા વિસ્તારમાં રખડતા ઢોર પકડવા ગયેલી ટીમ પર પશુપાલકોએ લાકડી વડે હુમલો કર્યો હતો. અને ઢોર પાર્ટીએ પકડેલી બે ગાયોના દોરડા કાપી છોડાવી ગયા હતા. આ ઘટનાના પગલે મનપાના કર્મચારીઓમાં ફફડાટ ફેલાયો છે. તેમજ માથાભારે પશુપાલકો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવા મનપાના કર્મચારીઓ દ્વારા અરજી પણ આપવામાં આવી છે.

વિસ્તૃત વિગતો મુજબ મનપાના વરાછા ઝોનમાં કાપોદ્રા બ્રિજ નીચે રખડતા ઢોર પકડવાની ફરિયાદ બાદ કામગીરી શરૂ કરવામાં આવી હતી. મહાનગરપાલિકાની એક ટીમ દ્વારા રસ્તા પર રખડતાં ઢોરને ઝડપી પાડવા માટેની કામગીરી શરૂ કરી હતી. આ કામગીરી દરમિયાન પાલિકાની ટીમે બે રખડતા ઢોર પણ પકડી લીધા હતા. મનપાની ટીમ કામગીરી કરી રહી હતી ત્યારે અચાનક કેટલાક માથાભારે પશુપાલકો આવી પહોંચ્યા હતા. તેઓએ મનપાની ઢોરપાર્ટી ટીમ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. ત્યારબાદ પકડાયેલા પશુને છોડવી જવા માટે પ્રયાસ કર્યો હતો, જેમાં ઝપાઝપી થઈ હતી. પશુપાલકોએ મનપાની ટીમ પર લાકડી વડે હુમલો કર્યો હતો. અને દોરડા કાપી બન્ને ગાયો છોડાવી ગયા હતા. આ ઘટનાનો વિડિયો પણ વાયરલ થયો હતો.

## જૈન અનુયાયીઓએ જ્ઞાન પાંચમની વિશેષ પૂજા કરી



■ હિન્દુ ધર્મમાં ઉજવાતી લાભ પાંચમ, જૈન ધર્મમાં જ્ઞાન પાંચમ તરીકે ઉજવાય છે. આજે શહેરના અનેક જૈન સંઘ દ્વારા આરાધના ભવનો, દહેરાસરોમાં જ્ઞાન પાંચમની વિશેષ પૂજા કરવામાં આવી હતી. **(તસવીરઃ સતિષ જાદવ)**

## ન્યુ સીટી લાઈટમાં ગ્રાફિક્સ ડિઝાઈનર અને ડિંડોલીમાં લુમ્સના કારીગરે ફાંસો ખાધો

સુરતઃ ન્યુ સીટી લાઈટ વિસ્તારમાં રહેતા ગ્રાફિક્સ ડિઝાઈનર યુવક અને ડિંડોલી વિસ્તારમાં રહેતા લુમ્સના આધેડ કારીગરે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો.

ન્યુ સીટી લાઈટ રોડ જીઓ મેક્સ હોસ્પિટલની બાજુમાં રવીરાજ સોસાયટીમાં રહેતા સુરેશરામ નારાયણરામ (ઉં.વ.૨૭) ગ્રાફિક્સ ડિઝાઈનનું કામ કરતો હતો અને વાઘબારસના દિવસે સુરેશરામ પત્ની અને માતા-પિતા સાથે વતનમાં દિવાળી પર્વ ઉજવવા ગયો હતો. દરમિયાન સુરેશરામ એકલો બસમાં બેસીને ગઈકાલે સુરત આવી પહોંચ્યો હતો. અને પોતાના ઘરે બીજા માળે સીડીના કઠેડા સાથે ચાદર બાંધી ફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. અન્ય બનાવમાં ડિંડોલી નવાગામમાં નીલકંઠ નગરમાં રહેતાં કાશીનાથ મહાદેવ પાટીલ (ઉં.વ.૫૩)એ ઘરે છતમાં પંખાની હુક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ મોતને વહાલું કરી લીધું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### નાનપુરા, ખારવાવાડનો સંયમ ખલાસી રાજય કક્ષાની સ્વિમિંગ સ્પર્ધામાં ઝળક્યો



સુરતઃ રાજકોટ ખાતે યોજાયેલી રાજયકક્ષાની તરણ સ્પર્ધામાં અંડર ૧૪ બોયઝ ગૃપમાં શારદાયતન શાળાનો વિદ્યાર્થી સંયમ ખલાસીએ ૧૦૦ મીટર બટરફ્લાયમાં ગોલ્ડ મેડલ, ૨૦૦ મીટર બટરફ્લાયમાં સિલ્વર મેડલ તેમજ ૫૦ મીટર બટરફ્લાયમાં બ્રોન્ઝ મેડલ મેળવી સુરત શહેર તેમજ સેઈલર સ્પોર્ટસ કલબનું ગૌરવ વધાર્યું છે. સંયમ ખલાસી હાલમાં રૂસ્તમપુરા સ્વિમિંગપુલ ખાતે સ્વિમિંગ ઈન્સ્પેકટર પરેશ સારંગ અને ધવલ સારંગ પાસે તાલીમ લઈ રહ્યો છે. આ સિદ્ધી બદલ શાળા પરિવાર તરફથી ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### ગુરુગુણ ઉપાધાન જ્ઞાનસાધના વિશ્વશાંતિ યજ્ઞમાં નવા 50 આરાધકો ઉમેરાયા



સુરતઃ શહેરના પાલ વિસ્તારમાં આવેલી ગુરુરામ પાવનભૂમિમાં જૈનાચાર્ય રશ્મિરત્ન સૂરીશ્વરજીની નિશ્રામાં ચાલી રહેલા ઉપધાન રંગ ઉત્સવમાં તમામ તપસ્વીઓને ચૌમુખી પરમાત્માની નાણ સમક્ષ બીજા અઢારીયામાં પ્રવેશ થયો હતો. જ્ઞાનસાધનાની આ વિશ્વશાંતિ યજ્ઞમાં નવા 50 આરાધકો ઉમેરાયા હતા. ઉપરાંત પ્રભુવીરના 2550 માં નિર્વાણોત્સવ ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવાયો હતો. તો બીજી તરફ શહેરમાં બિરાજમાન તમામ આચાર્ય ભગવંતોના 2550 છઠ (બે ઉપવાસ) અને 2550 પૌષધના એલાનોને સફળ બનાવવા ઉપધાનના આરાધકોએ પૌષધમાં છઠની આરાધના કરી હતી. 2550 દીવાથી જિનાલયનો શણગાર કરવામાં આવ્યો હતો. જૈનાચાર્યોએ જણાવ્યું કે ભગવાન મહાવીર પુણ્યપાલ રાજાના 8 સ્વપ્નના આધારે ભાવિની ઘટનાઓને ચિતાર આપ્યો છે. શનિવારના રોજ 'નૂતનવર્ષનુ મહામાંગલિક' 5:30 કલાકે રામપાવન ભૂમિ મધ્યે આચાર્યશ્રીના મુખે પ્રારંભ કરાયો હતો, અને ત્યારબાદ દ્વાર ઉદઘાટન કરવામાં આવ્યું હતું.

### આચાર્ય મહાશ્રમણની નિશ્રામાં અણુવ્રત પુરસ્કાર આંતરરાષ્ટ્રીય કોર્ટના જસ્ટિસ દલવીર ભંડારીને એનાયત કરાશે




સુરતઃ આચાર્ય મહાશ્રમણની નિશ્રામાં વેસુ ખાતે ભગવાન મહાવીર યુનિવર્સિટી ખાતે 75મા અણુવ્રત અધિવેશન દરમ્યાન વર્ષ 2024નો અણુવ્રત પુરસ્કાર આંતરરાષ્ટ્રીય કોર્ટના વિદ્વાન ન્યાયાધીશ જસ્ટિસ દલવીરજી ભંડારીને ગુરુવારે રોજ સવારે 9 કલાકના પ્રવચન કાર્યક્રમમાં એનાયત કરાશે. ન્યાયમૂર્તિ ભંડારી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે કાયદાના ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમણે બૌદ્ધિક સંપદા, ન્યાયિક શિક્ષણ અને જાહેર હિતની અરજી જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને આંતરરાષ્ટ્રીય મંચો પર ઘણા મુખ્ય સંબોધનો આપ્યા છે. ઈન્ડિયા ઈન્ટરનેશનલ લો ફાઉન્ડેશનના પ્રમુખ, ઈન્ટરનેશનલ લો એસોસિએશનના દિલ્હી ચેપ્ટરના અધ્યક્ષ અને એશિયન સોસાયટી ઓફ ઈન્ટરનેશનલ લો (જજ)ના સલાહકાર બોર્ડના સભ્ય જેવા મહત્વના હોદ્દા પણ સંભાળ્યા છે.

### તમામ સમસ્યાઓના મૂળમાં અજ્ઞાનદશા છે: પંન્યાસ પદ્મદર્શનવિજયજી



અમદાવાદઃ પાલડી-પ્રીતમનગર સ્થિત શ્રી કુંથુનાથ જૈન સંઘના આરાધના ભવનમાં પૂ. પંન્યાસ ઈન્દ્રજિતવિજયજી મ. સાહેબ, પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજ આદિ શ્રમણ ભગવંતોની પાવન નિશ્રામાં પૂ. મુનિશ્રી પ્રેમદર્શનવિજયજી મ. સાહેબ દ્વારા સંપાદિત 'ગુજરાતી શબ્દ કોષ' ગ્રન્થનું વિમોચન મહાનુભાવો દ્વારા કરવામાં આવ્યું હતું. મુનિ પ્રેમદર્શનવિજયજીએ જણાવ્યું હતું કે, શ્રુતજ્ઞાનનું સર્જન શ્રુતજ્ઞાનના વિસર્જનને અટકાવે છે. શ્રુતજ્ઞાન એ બોલતું જ્ઞાન છે. શ્રુતજ્ઞાનના વારસાને જીવંત રાખવા માટે બહુમાનભાવ જોઈએ. પંન્યાસ પદ્મદર્શનવિજયજી મહારાજે જણાવ્યું હતું કે; અત્યારે માહિતીજ્ઞાન વધતું જાય છે અને મૂલ્યોનું જ્ઞાન ઘટતું જાય છે. તમામ સમસ્યાઓના મૂળમાં અજ્ઞાનદશા છે. અજ્ઞાનતાના અંધકારને હટાવવા જ્ઞાનની આવશ્યકતા છે. કુંથુનાથ જૈન સંઘ ગ્રન્થ સર્જન માટે મોટું યોગદાન આપ્યું હતું.

# મોટા વરાછાનો યુવાન લગ્નની લ્હાયમાં લૂંટેરી દુલ્હનનો ભોગ બન્યો, 1.50 લાખ લઈ દુલ્હન ગેંગ સહિત ગાયબ

**પરિસ્થિતિ** સારી નહીં હોવાનું કહી લગ્ન કરી પૈસા પડાવ્યા હતા, એક મહિના બાદ યુવતી ફરાર

**નાટ્યાત્મક** લગ્ન કરાવી દલાલોએ 25 હજાર પણ મેળવી લીધા હતા

સુરતઃ મોટા વરાછાનો યુવક લગ્નની લ્હાયમાં લૂંટેરી દુલ્હન ટોળકીનો શિકાર બન્યો હતો.

મોટા વરાછાની વૃંદાવન પાર્ક સોસાયટીમાં રહેતા 32 વર્ષે ધવલભાઈ રમેશભાઈ એક વર્ષ પહેલાં છોકરીની શોધમાં હતો. પરિચિત દિનેશ 15મે-2023નાં ધવલને અમરોલી ખાતે પસંદ આવેલી છોકરી જોવા લઈ ગયો હતો. છોકરી પસંદ આવતા ધવલે લગ્ન બાબતે દલાલ દિનેશને વાત કરતા છોકરી ગરીબ ઘરની હોવાથી લગ્ન ખર્ચ 1.50 લાખ અને તેમની દલાલી 25 હજાર આપવાની હા પડી હતી. બાદમાં પરિવારના સભ્યોને છોકરીની ફોટો બતાવ્યો હતો અને સઘળી હકીકત જણાવી હતી. પરિવાર પણ લગ્ન બાબતે રાજી થતાં વકીલની ઓફિસમાં લગ્નની નોંધણી કરી લગ્ન કરનાર યુવતી પાયલની માસી અને સચીનએ 1.50 લાખ અને દિનેશે દલાલના 25 હજાર મેળવી લીધા હતા. એક મહિના બાદ પાયલ મહારાષ્ટ્રમાં રહેતી માતાની તબિયત બગડી હોવાનું બહાનું બતાવી ફરાર થઈ ગઈ હતી. દલાલ સહિતના લોકોને ફોન કરતા ફોન બંધ આવતા હતા. બાદમાં ધવલે તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આ ઠગ ટોળકીએ બીજા ઘણા લોકો પાસે લગ્નની લાલચે પૈસા પડાવ્યા છે. જેથી યુવક સરથાણા પોલીસના શરણે પહોંચ્યો હતો.

### માતાની તબિયત બગડી હોવાનું કહીં પાયલ ફરાર થઇ ગઇ હતી

ધવલ સાથે લગ્ન બાદ પાયલ ધવલના વતનમાં રહેવા લાગી હતી. લગ્નના એક મહિના બાદ મહારાષ્ટ્ર ખાતે રહેતી માતાની તબિયત બગડી હોવાનું કહીં યુવતી ધવલ સાથે ટ્રેન મારફતે જવા નીકળી હતી. જ્યાં ધવલ અને પાયલ બાંદ્રા ટર્મિનલ પર ઉતર્યા હતા. જ્યાં અન્ય ટ્રેન મારફતે વતન જવા નીકળ્યા ત્યારે પાયલે ધવલને અલગ ડબ્બામાં બેસાડ્યો હતો. ધવલ કુરલા સ્ટેશન પર ઉતરી પાયલની તપાસ કરતા પાયલ મળી ન હતી. પાયલને ફોન કરતા તેણે એક મહિના બાદ પરત આવી જવાનું કહી મોબાઈલ બંધ કરી દીધો હતો. ધવલ સુરત પરત આવી દલાલ દિનેશને ફોન કરતા તેના પણ મોબાઈલ બંધ આવ્યો હતો.

# નિવૃત્ત આવકવેરા અધિકારીના પરિવારે કતારગામના આધેડને 13 લાખમાં છેતર્યો

**અઠવાના** નીરજ એપાર્ટમેન્ટમાં દુકાન વેચાણના અવેજ પેટે પૈસા ઉસેટી લીધાં બાદ દુકાન કે પૈસા પરત કર્યા નહીંની ફરિયાદ

સુરતઃ અડાજણમાં રહેતા ઈન્કમટેક્સ ઓફિસરનાં પરિવારે કતારગામના આધેડને 13 લાખમાં છેતર્યો હોવાની ઘટના પોલીસ ચોપડે ચઢી છે. ઠગ ટોળકીએ અનેકને છેતર્યા હોવાની ચર્ચા પણ છે.

કતારગામ કિલ્લા દેસાઈની ખડકીમાં રહેતા 42 વર્ષીય પ્રશાંતભાઈ હરેશભાઈ વશીએ ઉમરા પોલીસ સ્ટેશનમાં મીનાબેન જગદીશભાઈ ચાવડા, જગદીશભાઈ શામજીભાઈ ચાવડા અને ગૌરવ જગદીશભાઈ ચાવડા (તમામ રહે. શુભલક્ષ્મી હાઈટ્સ અડાજણ) વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પ્રશાંતભાઈની સુરભી ટૂર ટ્રાવેલસનું કામ કરતા ગૌરવ સાથે ઓળખાણ થઈ હતી. ગૌરવના પિતા જગદીશભાઈ ઈન્કટેક્સ ઓફિસર હતા. પ્રશાંતનાં મામા મહેશ ટેક્ષ કન્સલ્ટન્સીનું કામ કરતા હોવાથી જગદીશભાઈને ઓળખતા હતા.

વર્ષ 2022માં પ્રશાંતભાઈને અલગ ધંધો કરવાનો હોવાથી એક ઓફિસની જરૂર હતી. જેથી ગૌરવે બનાવેલા નીરજ એપાર્ટમેન્ટમાં પ્રશાંતને દુકાન પસંદ આવતા 13 લાખમાં દુકાનનો સોદો નક્કી કર્યો હતો. દુકાનની તમામ રકમ પિતા પુત્રને ચૂકવી દીધી હતી.

પિતા પુત્રએ પ્રશાંતને દુકાનની કબજા રસીદ પણ બનાવી આપી હતી. કબ્જા રસીદ બનાવી પિતા પુત્રએ પ્રશાંત પાસે દુકાન ભાડા પેટે લીધી હતી. દુકાનનું પિતા પુત્ર 7 હજાર ભાડું પણ નક્કી કર્યું હતું. છેલ્લા 6 મહિનાથી પિતા પુત્ર ભાડું નહિ ચૂકવતા પ્રશાંતભાઈ તેમની દુકાને ગયા હતા ત્યારે ત્યાં નિર્માણભાઈ ખુમાણ નામનો વ્યક્તિ મળ્યો હતો. જેણે પ્રશાંતભાઈને દુકાન તેણે ગૌરવ ને તેના પિતા પાસેથી 14 લાખમાં ખરીદી હોવાનું જણાવ્યું હતું. નિર્માણભાઈની વાત સાંભળતા પ્રશાંત ચોંકી ઉઠ્યો હતો.

પ્રશાંતે વકીલ મારફતે એક નોટીસ પણ પિતા પુત્રને મોકલી તેનો પણ કોઈ જવાબ મળ્યો નહી. જેથી પ્રશાંતભાઇ ગૌરવના ઘરે ગયા હતા, ત્યાં ગૌરવની પત્ની સાથે મુલાકાત થઈ હતી. ગૌરવની પત્નીએ પ્રશાંત સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે તેમણે તેમના જેવા અનેક લોકો સાથે ઠગાઈ કરી હોવાથી હાલ તેઓ ફરાર છે. ઠગ પિતાપુત્રએ પ્રશાંતભાઈને દુકાન કે પૈસા પરત નહિ આપી તેમની સાથે છેતરપીંડી કરતા ઉમરા પોલીસે ઈન્કટેક્સ ઓફિસર જગદીશ ચાવડા, ગૌરવ ચાવડા અને મીના ચાવડા વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# આજે સૂર્ય છઠ, શહેરમાં લાખો ઉત્તર ભારતીયો ઉગતા સૂરજને અર્ધ્ય અર્પણ કરશે

**36** કલાકના નિર્જળા ઉપવાસની સાથે બુધવારે સાંજે છઠ પૂજાનો આરંભ થયો હતો, આવતીકાલે ઉગતા સૂર્યની ઉપાસના સાથે મહાપર્વનું સમાપન થશે

**તાપી** નદીના વિવિધ ઘાટો, તળાવો ખાતે લાખો ઉત્તર ભારતીયો ઉમટી પડશે



સુરતઃ આવતીકાલે છઠ મહા પુજાના અવસરે છઠ મૈયાની આરાધના માટે તાપી નદીના ઓવારાઓ અને તળાવોને રોશનીથી શણગારવામાં આવ્યા છે. બુધવારે વ્રતની સાથે અસ્ત થતાં સુર્યને અર્ધ્ય આપવામાં આવ્યો હતો અને હવે આવતીકાલે ઉગતા સૂર્યને અર્ધ્ય અર્પણ કરીને વ્રતના પારણાં કરવામાં આવશે.

ચાર દિવસીય છઠ મહાપર્વના બીજા દિવસે એટલે કે, બુધવારે ભક્તોએ વ્રત રાખી પારણા પૂજા કરી હતી. સાથે-સાથે ભક્તિભાવ સાથે ઉપવાસ પણ રાખ્યા હતા. સાંજે છઠ મૈયાની પૂજાનો આરંભ થયો હતો.

દરમિયાન નવા સ્ટવ અને માટીના વાસણમાં શેરડીના રસ અથવા ગોળ સાથે દૂધ, ચોખાની રોટલી સાથે ભેળવવામાં આવેલી ચોખાની ખીર માતાને નૈવેદ્ય તરીકે અર્પણ કરી હતી. કળશની સ્થાપના કરી અખંડ દીવો પ્રગટાવ્યો હતો. ભક્તોએ પરિવારમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે છઠ્ઠ મૈયાની પ્રાર્થના કરી હતી. ભક્તોમાં પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. ભક્તોના 36 કલાકના ઉપવાસ અને પાણી વગરના છઠ ઉપવાસની શરૂઆત થઈ હતી. હવે ગુરુવારે, ભક્તો નિર્જલા ઉપવાસ કરશે અને અસ્ત થતા સૂર્યને પ્રાર્થના કરશે. શુક્રવારે ઉગતા સૂર્યની આરાધના સાથે મહા ઉત્સવનું સમાપન થશે. ઉપવાસીઓ અને ભક્તોના સ્વાગત માટે તાપી ઘાટ અને ડિંડોલી શ્રી છઠ સરોવર સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં તળાવો અને કૃત્રિમ તળાવો તૈયાર છે. ભગવાન ભાસ્કરની પૂજાને લઈને ભક્તો ઉત્સાહિત છે. ભક્તોને ઘાટ પર પહોંચવામાં અને ભગવાન આદિત્યની પૂજા કરવામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે આયોજકો દ્વારા લાઈટીંગ તેમજ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. સ્વૈચ્છિક સંસ્થાઓ અને સામાજિક કાર્યકરોની સાથે વહીવટી તંત્ર પણ આ કાર્યમાં સક્રિય છે.

### તાપીના વિવિધ ઘાટો ઉપર જોરદાર તૈયારીઓ પૂર્ણ

બિહાર વિકાસ પરિષદ જહાંગીરપુરા ઇસ્કોન મંદિર પાસે તાપી આરતી છઠ ઘાટ અને ડભોલી છઠ ઘાટ, વેડ રોડ ખાતે છઠ પૂજાનું આયોજન કરે છે. છઠ પર્વ ગુરુવારે અસ્ત થતા સૂર્યને (સાંજે અર્ધ્ય) અને શુક્રવારે ઉગતા સૂર્યને અર્પણ કરીને સમાપ્ત થશે, આ વર્ષે મોટી સંખ્યામાં છઠવર્તીઓ અને તેમના પરિવારો આવવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને, કાઉન્સિલના અધિકારીઓ અને કાર્યકરોએ લાઇટો પ્રગટાવી હતી. પાણીના પ્લેટફોર્મ અને કાયમી શૌચાલયની વ્યવસ્થાને પણ આખરી ઓપ અપાઈ રહ્યો છે.

### બિહાર વિકાસ મંડળ તાપી નદીના કિનારે રંગારંગ કાર્યક્રમ યોજશે

બિહાર વિકાસ મંડળ દ્વારા તાપી નદીના કિનારે આવેલ છઠ ઘાટ મંદિરના રંગારંગ કાર્યક્રમમાં આજે સાંજે શેરડીના રસની ખીર અને દૂધીનું પૂજન કરવામાં આવશે અને ત્યારબાદ 36 કલાકના ઉપવાસનો પ્રારંભ થશે. પ્રમુખ કૃષ્ણ પ્રસાદ યાદવ, દીનાનાથ ચૌરસિયા, નંદકુમાર પંડિત, બાંકે બિહારી સિંહ, ઉદય પ્રકાશ યાદવ, ઓમ પ્રકાશ યાદવ છઠ પૂજાની તૈયારીમાં વ્યસ્ત છે. બિહાર વિકાસ પરિષદ જહાંગીરપુરા ઇસ્કોન મંદિર પાસે તાપી આરતી છઠ ઘાટ અને ડભોલી છઠ ઘાટ, વેડ રોડ ખાતે છઠ પૂજાનું આયોજન કરે છે. છઠ પર્વ ગુરુવારે અસ્ત થતા સૂર્યને (સાંજે અર્ધ્ય) અને શુક્રવારે ઉગતા સૂર્યને અર્પણ કરીને સમાપ્ત થશે, આ વર્ષે મોટી સંખ્યામાં છઠવર્તીઓ અને તેમના પરિવારો આવવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને, કાઉન્સિલના અધિકારીઓ અને કાર્યકરોએ લાઇટો પ્રગટાવી હતી. પાણીના પ્લેટફોર્મ અને કાયમી શૌચાલયની વ્યવસ્થાને આખરી ઓપ અપાઈ રહ્યો છે.

### ભેસ્તાન તળાવ ખાતે 50 હજારથી વધુ લોકો સૂર્યને અર્ધ્ય આપશે

ભેસ્તાન ગામના તળાવ ખાતે છઠ્ઠ પૂજાની વિશેષ તૈયારી છઠ્ઠ પૂજા સેવા સમિતિ, ભેસ્તાન દ્વારા કરવામાં આવી છે. દર વર્ષે ભેસ્તાન તળાવ ખાતે 50 હજારથી વધુ શ્રદ્ધાળુઓ સૂર્યને અર્ધ્ય આપવા, પૂજા-અર્ચના માટે ઉમટી પડે છે. તેમના માટે તમામ પ્રકારની સુવિધા સમિતિના સંયોજક પ્રદિપસિંહ રાજપૂત, અધ્યક્ષ ત્રિભુવનનાથ મિશ્રા, ઉપાધ્યક્ષ રમેશસિંહ રાજપૂત તેમજ અન્ય હોદ્દેદારો દ્વારા કરાઈ છે.

## વેસુની હાઈરાઈઝ ઈકો ફ્રેન્ડલીયામાં લિફ્ટ ખોટકાતાં ફસાયેલા વૃદ્ધ દંપતીનું રેસ્ક્યુ કરાયું

સુરતઃ વેસુ ખાતે 19 માળની ઈકો ફ્રેન્ડલીયા નામની હાઈરાઈઝમાં આજે સવારે બિલ્ડિંગમાં રહેતા 65 વર્ષિય પ્રદિપભાઈ તથા તેમની પત્ની પુર્ણીમાંબેન સાથે મંદિરે જવા માટે સવારે 8:30 કલાકે લિફ્ટનો ઉપયોગ કરી રહ્યા હતાં. દરમિયાન લિફ્ટ અચાનક ખોટકાઈને ચોથા માળે અટકી ગઈ હતી. લિફ્ટ બંધ થતાની સાથે ફસાયેલા દંપતીનો શ્વાસ રૂંધાવા લાગ્યો હતો અને બાદમાં તેમણે મદદ માટે બુમાબુમ કરી દેતા બિલ્ડિંગના સભ્યો અકત્ર થઈ ગયા હતાં અને તુરંત ફાયર કંટ્રોલને તેની જાણ કરી હતી.

વેસુ ફાયરની ટીમ તુરંત ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. ફાયર સબ ઓફિસર પ્રકાશ પટેલે જણાવ્યું હતું કે, લિફ્ટમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી તેને કારણે બંધ થઈ ગઈ હતી. ફાયરની ટીમે સ્પ્રેડ ટુલ્સનો ઉપયોગ કરીને લિફ્ટના દરવાજા ઉઘાડીને દંપતીને તેમાંથી મુક્ત કર્યા હતા.

## રાંદેરમાં ટપોરીઓ બેફામ: ખંડણી નહીં આપતાં યુવક અને નાની બાળકીને ચપ્પુના ઘા ઝીંક્યા

**યુવકની** પત્ની અને પુત્રી વચ્ચે પડતાં તેમને પણ માર માર્યો

સુરતઃ રાંદેરની ઝઘડિયા ચોકડી પાસે બે મિત્રો લારી પર નાસતો કરી રહ્યા હતા. ત્યારે ત્રણ ટપોરી તત્ત્વો આવી યુવક પાસે 10 હજારની માંગણી કરી યુવકના ઘર પાસે પહોંચી ત્યાં યુવકને મારતા હતા ત્યાં પરિવારના સભ્યો વચ્ચે પડતાં તેમને પણ માર માર્યો હતો.

રાંદેર ઝઘડીયા ચોકડી પાસે આવેલી આંબેડકર નગરમાં રહેતા 32 વર્ષીય અમુલ રમેશભાઈ જોરેવાર ગત 4થીની રાત્રે મિત્ર મુકેશભાઈ સાથે ઘર નજીક લારી પર બેસી નાસ્તો કરતા હતા. તે સમયે શૈલેષ કિશોરભાઈ પરમાર (રહે., ૧૧૬૩, આંબેડકરનગર, ઝઘડીયા ચોકડી પાસે, રાંદેર) બે મિત્ર શેષનાગ તથા તેનો ભાઈ હથોડો સાથે લારી પર આવ્યા હતા. ત્યાં આવી શૈલેષે અમુલ પાસે 10 હજારની માંગણી કરવા લાગ્યો હતો. અમોલે શૈલેષને કહ્યું હતું કે હું તને કેમ પૈસા આપું, જે દરમ્યાન અમોલના મિત્ર મુકેશભાઈએ આ શૈલેષને જણાવેલ કે તું અહિંનો ડોન છે કે તને અમુલ પૈસા આપે તેમ કહ્યું હતું. જે વાત સાંભળતા જ શૈલેષે અચાનક ઉશ્કેરાય જઈ અમોલ અને તેના મિત્ર સાથે ઝઘડો કરવા લાગ્યો હતો. ઝઘડા દરમિયાન શૈલેષે ચપ્પુ વડે અમોલના મિત્ર મુકેશભાઈને આંખના ભાગે માર્યું હતું. મિત્રને બચાવવા અમોલ વચ્ચે પડતાં તેને પણ આંખના ભાગે અને કાનના ભાગે શૈલેષે ચપ્પુ માર્યું હતું. અમોલને બચાવવા તેની પત્ની સવિતાબેન વચ્ચે પડી તો તેની પત્નીને પણ ગાળો બોલી મારામારી કરવા લાગ્યા હતા. તે દરમ્યાન અમોલની નાની દિકરી ભુમિકા ઉર્ફે દિવ્યા પણ ઝડામાં વચ્ચે પડતા શૈલેષે તેને પણ તેની પાસે રહેલા ચપ્પુ વડે કપાળ પર ઘા માર્યા હતા. ત્રણે ઘર પાસે રહેલી આમોલની પલ્સર બાઈકની પણ તોડફોડ કરી ભાગી ગયા હતા.

# મનપાની કચરા ગાડીમાં બાળશોષણ, 12 વર્ષના કિશોરો પાસે મજૂરી કરાવાતો વિડીયો વાયરલ

**સેન્ટ્રલ** ઝોનમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન કરતી ગાડીના વાયરલ વિડીયોને પગલે લોકોમાં રોષ: કોન્ટ્રાક્ટર સામે પગલાં ભરવા માંગ



સુરતઃ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની ગાડીમાં 12 વર્ષની કુમળી વયના બાળકો પાસે કચરો ઉઘરાવવાનું કામ કરાવાતું હોવાનું જાણવા મળ્યું છે. એક જાગૃત નાગરિક દ્વારા આ ઘટનાનો લાઈવ વિડીયો ઉતારી લેવામાં આવ્યો હતો. જેમાં કચરાની ગાડીવાળો કહે છે કે તેને આ કામ પેટે મહિને ફક્ત ઓગણીસ હજાર રૂપિયા જ મળે છે અને તેઓને કંપનીનો કોઈ યુનિફોર્મ આપવામાં નથી આવ્યો કે નથી કોઈ સેફટી મેઝરમેન્ટ પર ધ્યાન અપાયું. કોન્ટ્રાક્ટની જોગવાઈ મુજબ ડોર ટુ ડોર ગાડી ઉપર 1 ડ્રાઈવર અને 2 હેલ્પર હોવા જરૂરી છે, છતાં પણ ગાડીઓ ઉપર માંડ 1 કે 2 માણસ રહે છે. ડોર ટુ ડોર કચરા કલેક્શનના કોન્ટ્રાકટરો ભાજપના માનીતા હોવાથી અધિકારીઓને પણ ગાંઠતા નથી એવું મનાઈ રહ્યું છે. જેથી બેફામ બનેલા કોન્ટ્રાકટરો પોતાની જોહુકમી ચલાવી મનસ્વીપણે વર્તી રહ્યાં છે. સેન્ટ્રલ ઝોનમાં ડોર-ટુ-ડોર ગાડીમાં નાના બાળકો કામ કરતો હોવાનો વિડીયો વાયરલ થયો હતો.

# અચાનક મોતનો સીલસીલો અટકતો નથી: સુરતમાં વધુ બે યુવાનનાં મોત

**વેડરોડ** બહુચર નગરમાં રત્નકલાકાર અને નાની બેગમવાડીમાં ધાગા કટિંગનું કામ કરતો યુવક બેભાન થયા બાદ મોતને ભેટ્યા

સુરતઃ શહેરમાં કોરોના બાદ નાની ઉંમરના લોકોના પણ હાર્ટ એટેક કે અન્ય કારણોસર મોતને ભેટી રહ્યા છે. આ સીલસીલો સતત ચાલી રહયો છે. ત્યારે આજે વેડરોડ અને નાની બેગમવાડીમાં બે યુવાનો ભેદી રીતે બેભાન થયા બાદ મોતને ભેટતા અરેરાટી મચી જવા પામી હતી.

વિસ્તૃત વિગતો મુજબ સલાબતપુરા ભક્તિધામ મંદિર પાસે નાની બેગમવાડી નજીક રાજુભાઈ મંગાભાઈ રાઠોડ (ઉ.વ.૪૮) રહેતા હતા. રાજુભાઈ ધાગા કટિંગમાં કામ કરતા હતા. ગઈકાલે સવારે રાજુભાઈને ઘરે ખેંચ આવ્યા બાદ તે બેભાન થઈ ગયા હતા. જેથી તેમને સારવાર માટે ભાઈ સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયો હતો. જ્યાં ફરજ પરના તબીબે રાજુભાઈને જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. તો અન્ય બનાવમાં વેડરોડ બહુચરનગર સ્થિત દ્વારકાધીશ કોમ્પ્લેક્ષમાં જુગલ કિશોર ચાવડા (ઉં.વ.૨૭) પરિવાર સાથે રહેતો હતો. જુગલ હીરાના કારખાનામાં કામ કરી પરિવારને મદદરૂપ થતો હતો. જુગલ છેલ્લા બે મહિનાથી બેકાર ઘરે બેસતો હતો. ગત રાત્રે જુગલ ઘરે અચાનક બેભાન થઈ ઢળી પડ્યો હતો. જેથી તેને સારવાર માટે પરિવારજનો સ્મીમેર હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી તેને મૃત જાહેર કર્યો હતો. જુગલનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું હોવાની શક્યતા તબીબોએ વ્યકત કરી હતી.

### સરથાણામાં છઠ્ઠા માળના પેસેજથી પટકાતા આધેડનું મોત

શહેરના સરથાણા વિસ્તારમાં રીવર પેન્ટા સ્કાય એપાર્ટમેન્ટના છઠ્ઠા માળેથી પટકાતા નિવૃત જીવન જીવતા આધેડનું મોત થયું હતું. તેમના પરિવાર દ્વારા પેસેજમાં વોકિંગ કરતી વેળા સંતુલન ગુમાવતા નીચે પટકાયા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. સીવીલ હોસ્પિલના સુત્રો પાસેથી મળતી વિગતો અનુસાર મૂળ ભાવનગર જિલ્લાના નારી ગામના વતની અને હાલ સરથાણા સ્થિત રીવર પેન્ટા સ્કાય એપાર્ટમેન્ટમાં રહેતા અશોક રવજી કુકડિયા (ઉં.વ.૫૩) લસકાણા ખાતે લુમ્સનું કારખાનું ચલાવતા હતા. પરંતુ વયના કારણે હાલ નિવૃત જીવન ગુજારી રહ્યા હતા. ગઇકાલે સવારે અશોક કુકડિયા ફ્લેટની બહાર પેસેજમાં વોકિંગ કરવા માટે ઉઠ્યા હતા. દરમિયાન પોતાના ઘરે છઠ્ઠા માળેથી બીજા માળની ગેલેરીમાં પટકાયા હતા. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જ્યાં ટુંકી સારવાર દરમિયાન તેમનુ મોત નિપજ્યું હતું.